| | |
|---|---|
| દાખલ તારીખ : | ૦૫/૦૨/૨૦૨૪ |
| નોંધ્યા તારીખ : | ૦૫/૦૨/૨૦૨૪ |
| **જાહેર કર્યાતારીખ :** | ૦૭/૦૫/૨૦૨૬ |
| સમયગાળો : | ૦૨વર્ષ–૦૩માસ–૦૨દિવસ |

---

**અંકલેશ્વરના મે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.અંકલેશ્વર.**

---

**ફોજદારી કેસ નંબર : ૮૬૦/૨૦૨૪**
આંક :–

**ફરીયાદી :–** શ્રી સરકાર...

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** **જયોતિબેન Wd/o રાજુભાઈ નગીનભાઈ વસાવા**
રહે.તાડ ફળીયુ, અંકલેશ્વર, તા.અંકલેશ્વર જી.ભરૂચ

**ગુનો :– જુગાર અટકાયતી અધિનિયમની કલમ–૧૨ (અ) મુજબ**

| |
|---|
| ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.એચ.કે.બ્રહમભટ |
| આરોપી તરફે વિ.વ.શ્રી.એસ.એ.વાકાની |

**જજમેન્ટ**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, તા.૧૯/૧૨/૨૦૨૩ સમય ૧૩:૩૦ વાગે આ કામના તહોમતદાર બહેન જયોતિબહેન રાજુભાઈ વસાવા રહે.તાડ ફળીયુ, અંકલેશ્વર નાએ સુરતી ભાગોળ વાવ પાસે ગે.કા રીતે સટ્ટા બેટીંગના આંક ફરકના આંકડાઓ લખી લખાવડાવી પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડી જુગાર રમવાના સાધનો (આંકડા લખેલ બુક–૨, કાર્બન પેપર ટુકડા–૦૧, લાકડાનુ પાટીયુ ૦૧ તથા બોલપેન નંગ–૦૧ કિં.રૂ.૦૦–૦૦/ ગણી તેમજ તેમની પાસેથી મળી આવેલ પ્લાસ્ટીકની ટોપલીમાંથી

જુદા–જુદા દરની ચલની નોટો મળી રોકડા રૂપીયા ૧૧,૧૯૦/– ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જુગાર અટકાયતી અધિનિયમની કલમ–૧૨ (અ) મુજબનો ગુનો કરેલ, તે મુજબનું તહોમતનામું અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીઓને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આંક–૫ સુધી આરોપીઓનો જવાબ નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: મૌખિક પુરાવા:–**

(૧) આંક–૬ થી ફરીયાદી વર્ષાબેન રમણભાઈ વસાવાની જુબાની

(૨) આંક– ૧૧ થી પંચ બહાદુરભાઈ નાથુભાઈ વસાવાની જુબાની

(૩) આંક–૧૩ થી પંચ કલ્પેશભાઈ કનૈયાલાલ વસાવાની જુબાની

**–:દસ્તાવેજી પુરાવા:–**

(૧) આંક–૭ થી ફરીયાદ

(૨) આંક–૧૨ થી પંચનામુ

ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો નહી આપવા માંગતા હોવાનું જણાવતા, આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકારપક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવી.

**–: મુદ્દા :–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા.૧૯/૧૨/૨૦૨૩ સમય ૧૩:૩૦ વાગે આ કામના તહોમતદાર બહેન જયોતિબહેન રાજુભાઈ વસાવા રહે.તાડ ફળીયુ, અંકલેશ્વર નાએ સુરતી ભાગોળ વાવ પાસે ગે.કા રીતે સટ્ટા બેટીંગના આંક ફરકના

આંકડાઓ લખી લખાવડાવી પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડી જુગાર રમવાના સાધનો (આંકડા લખેલ બુક–૨, કાર્બન પેપર ટુકડા–૦૧, લાકડાનુ પાટીયુ ૦૧ તથા બોલપેન નંગ–૦૧) કિં.રૂ.૦૦–૦૦/ ગણી તેમજ તેમની પાસેથી મળી આવેલ પ્લાસ્ટીકની ટોપલીમાંથી જુદા–જુદા દરની ચલની નોટો મળી રોકડા રૂપીયા ૧૧,૧૯૦/– ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જુગાર અટકાયતી અધિનિયમની કલમ–૧૨ (અ) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યાર પછીના આપેલ છે.

૧.નકારમાં,
૨.આખરી હુકમ મુજબ

## કા ર ણો

**(૫)** સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે ક થી ફરીયાદી વર્ષાબેન રમણભાઈ વસાવાને તપાસેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ અમો એલ.સી.બી પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા ત્યારે અમો તથા અ.હે.કો સંજયભાઈ રાયજીભાઈ તથા અન્ય પો.સ્ટાફના માણસો સાથે અંકલેશ્વર શહેર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલા તે દરમ્યાન અ.પો.કો નૈલેષદાન નાઓને તેમના બાતમીદારથી બાતમી મળેલ કે અંકલેશ્વર શહેર તાડફળીયા ખાતે રહેતી જયોતિબેન રાજુભાઈ સુરતી ભાગોળ વાવ પાસે તેના માણસો થકી કેટલાક ઈસમો ભેગા કરી સટ્ટા બેટીંગના આંકડાઓ લખી પૈસા વડે હારજીત નો જુગાર રમી રમાડે છે જે માહીતીને આધારે બે પંચોના માપસો બહાદુર વસાવા તથા કલ્પેશ વસાવા નાઓને બોલાવી તેઓને બાતમી હકીકતથી વાકેફ કરેલ અને ખાનગી વાહનમાં બાતમી વાળી જગ્યાએ પહોંચેલ ત્યારે જયોતિબેન કંઈક લખતા હોય અને અન્ય ઈસમો કંઈક લખાવતા હોય. તેઓને જોતા ઈસમો ભાગી ગયેલ અને જયોતિબેન પકડાઈ ગયેલ તેથી પંચોની હાજરીમાં તેણીની જડતી કરતા તેની પાસેથી જુદા–જુદા દરની ચલણી નોટો મળી રૂ.૧૧,૧૯૦/– મળી આવેલ તેમજ આંકડા લખવાની બે બુક મળી આવેલ જેના પર જુદા જુદા આંકડા લખેલ હતા અને એક લાકડાનુ પાટીયુ, કાર્બન પેપર તથા બોલપેન નંગ મળી આવેલ. જે પંચનામાની વિગતે કબ્જે કરેલ. બનાવ સંબધે મેં આરોપી જયોતિબેન વિરુધ્ધ જુગારધારા કલમ

૧૨(અ) અન્વયે ફરીયાદ કરેલી. આરોપીને જોયેથી ઓળખી શકુ. જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. સદર કામનો મુદામાલ જોયેથી ઓળખી શકુ. બચાવપક્ષે તેની તકરાર જતી કરેલ છે. સદર ફરીયાદની ખરી નકલ મને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે. જેમાં ફરીયાદી તરીકે મારી સહી છે. જે ઓળખુ છુ. સદર ફરીયાદને રજુ દાખલ આંક–૭ આપવામાં આવે છે.

બચાવપક્ષે સદર સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો, એ વાત ખરી છે કે સુરતી ભાગોળવાળો વિસ્તાર વસ્તી વાળો વિસ્તાર છે અને ત્યાં આગળ ત્રણ રસ્તા પડે છે. એ વાત ખરી છે કે ત્યાં ઘણા બધા રહેણાંકના મકાન આવેલા છે. એ વાત ખરી નથી કે ત્યાં ઘણી બધી દુકાનો આવેલી છે.

**સવાલ:** રોકડ રકમ પેન અને નોટબુક એ કોઈ પ્રતિબંધીત વસ્તુ નથી અને તે કોઈપણ વ્યકિત રાખી શકે?

**જવાબ:** રોકડ રકમ અને નોટબુક અને પેન કોઈ પણ વ્યકિત રાખી શકે છે.

એ વાત ખરી છે કે આ કામે પંચો સ્થાનીક નથી. એ વાત ખરી છે કે પંચોના માણસો કોણ બોલાવા ગયેલુ અને કેટલા વાગે આવેલા તે હકીકત મારી ફરીયાદમાં જણાવેલી નથી. એ વાત ખરી નથી કે હું બનાવના સમયે હાજર હોવ અને મારી રૂબરૂમાં પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે પંચોની સહીઓ તૈયાર પંચનામામાં પાછળથી પોલીસ સ્ટેશને લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે પોલીસની કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ કરી ખોટો કેસ દાખલ કરેલ છે.

(૬) સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક– ૧૧ થી પંચ બહાદુરભાઈ નાથુભાઈ વસાવા તથા આંક–૧૩ થી પંચ કલ્પેશભાઈ કનૈયાલાલ વસાવાને તપાસેલ છે. સદર પંચ સાહેદો પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાની દરમ્યાન પોતાની સરતપાસમાં આંક–૧૨ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી સીવાયની અન્ય કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન કરી શકેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્રારા સદર સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી સદર સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમ છતા સદર સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદોની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિશેષ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ

બની શકે તે મુજબની કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

બચાવપક્ષે સદર સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાત માહીતી નથી.

**<u>પુરાવાનું પૃથ્થકરણ:–</u>**

(૭) આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે તેઓનો કેસ સાબીત કરવા આંક–૬ થી ફરીયાદીને તપાસેલ છે. સદર સાહેદની જુબાનીને વંચાણે લેતા તેઓએ ફરીયાદ હકીકતને અનુરુપ જુબાની આપેલ છે પરંતુ આ કામે તપાસેલ પંચનામાના પંચ સાહેદોએ રજુ કરેલ પંચનામામા માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. જયારે પંચનામાની અન્ય વિગતોને સમર્થન કરેલ નથી અને તૈયાર પંચનામામા સહી કરેલ હોવાનુ તેમજ પંચનામુ કઈ બાબતનુ હતુ અને તેમા શુ વિગત લેખલ હતી તેની તેઓને ખબર ન હોવાનુ જણાવેલ છે. સદર પંચ સાહેદો ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે. જેથી ફરીયાદપક્ષ પંચનામુ પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે તે સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નથી. તેમજ ફરીયાદીની ઉલટ તપાસ વંચાણે લેતા કોઈ તટસ્થ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ કામે ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે જેથી સ્વાભાવીક રીતેતેઓના ફરજના ભાગ રુપે જુબાની આપેલ હોવાનુ જણાય છે. આ કામે આરોપીઓ સામેના ગુનાની જોગવાઈ ધ્યાને લેતા આક્ષેપીત ગુનો શંકા રહિત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. માત્ર પોલીસ સાહેદોની જુબાની પરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ નથી. તેમજ ફરીયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ના હોય ત્યારે રજુ કરેલ પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદ પક્ષ આરોપીઓ સામે મુકેલ તહોમત પુરવાર થતુ નથી ત્યારે અહી ફરીયાદપક્ષની એ ફરજ છે કે તેમણે આરોપીઓ વિરુઘ્ધનું તહોમત સબળ, શ્રેષ્ઠ, સચોટ, વિશ્વસનીય અને સમર્થનકારી પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવું જોઈએ પરંતુ તેમ કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોય તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષ મુદ્દા નં ૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ

નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપી **જયોતિબેન Wd/o રાજુભાઈ નગીનભાઈ વસાવા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે જુગારધારા કલમ–૧૨(અ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીઓએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી એ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે ૬ માસની સમયમર્યાદા માટે આરોપીના જામીનખત તથા જતમુચરકા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરવાનો હુકમ કરવામા આવે છે તેમજ બાકીના મુદામાલનો અપિલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૭ મી , માહે. મે, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૫/૨૦૨૬
અંકલેશ્વર.

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અંકલેશ્વર.
કોડ નં. GJ00664

**(STENO: P.J.PANARA)**